## અમદાવાદ મીઠાખળી શ્રીનાથજી દર્શનાર્થે જતી ચાર લકઝરીમાંથી એક લકઝરી

# શામળાજી નજીક ગોથું ખાધું : ૪૦ ઈજાગ્રસ્ત : ૧૫ની હાલત ગંભીર

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર અમદાવાદ તરફથી આવતી લકઝરી બસ વહેલી સવારે ઓવરબ્રિજ ચઢવા જતા ડિવાઈડર સાથે ભટકતા પલટી ખાઈ જતા લકઝરી બસમાં ગાઢનિંદ્રા માં રહેલા મુસાફરો ની ચિચિયારીઓ ગુંજી ઉઠી હતી લકઝરી બસમાં સવાર ૨૦ થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થતા શામળાજી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જેમાં ૭ મુસાફરોના શરીરે ગંભીર ઈજાઓ જણાતા હિંમતનગર અને અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા અકસ્માતના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે ધસી આવી ટ્રાફિક પૂર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ઘાયલ ઈજાગ્રસ્તોમાં મુખ્યમંત્રી ઓફિસના સંયુક્ત સેક્રેટરીના પરિવારજનો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

શનિવારે વહેલી સવારે અમદાવાદના ના મીઠાખળી વિસ્તારમાં રહેતા ૧૭૫ જેટલા લોકો ૪ લકઝરી બસમાં નાથદ્વારા ખાતેના એક વાર્ષિક પ્રોગ્રામમાં હાજરી આપવા નીકળ્યા હતા ત્યારે શામળાજી ઓવરબ્રિજ નજીક અગમ્ય કારણોસર લકઝરી બસ (ગાડી.નં-પ્ન -૦૧ -ઈ્ ૪૭૫૪ ) ના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ઘુમાવતા લકઝરી બસ પલટી જતા બસમાં મીઠી નીંદર માણતા મુસાફરો ના શરીરે ઈજાઓ થતા દર્દથી કણસી ઉઠી બુમાબુમ કરી મુકતા આજુબાજુ થી પ્રજાજનો અને ત્રણ લકઝરી બસમાં મુસાફરી કરતા લોકો અને શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્ત ૨૦ મુસાફરોને સારવાર અર્થે શામળાજી રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા ૭ મુસાફરો ની હાલત ગંભીર જણાતા તાબડતોડ હિંમતનગર અને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા સદનસીબે જાનહાની ટળતા રાહતનો શ્વાસ લીધો હતો અકસ્માતની ઘટનાના પગલે અન્ય ત્રણ લકઝરી બસ અમદાવાદ પરત ફરી હતી ખુશીનો માહોલ દર્દમાં ફેરવતા ભારે ગમગીની છવાઈ હતી વહેલી સવારે થયેલ અકસ્માતની ઘટના અંગે બપોર સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ નં હોવાનું શામળાજી પોલીસ સ્ટેશન માંથી જણાવ્યું હતું.






તસવીર : મેહુલ જોષી


## રાજ્ય શિક્ષણ વિભાગનું એકમ કસોટીમાં જ્ઞાનનું ભોપાળું


# ધો-૩ના એકમ કસોટી પેપરમાં પાઠ્ય પુસ્તકના ચિત્રથી અલગ પ્રશ્નો પુછાયા

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓના શિક્ષણનું સ્તર કથળતા પ્રાથમિક શાળાઓના બાળકોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ ના સારા પરિણામો મળી રહે તે માટે વિદ્યા મિશન બાદ એકમ કસોટી નો વધુ એક અખતરો રાજ્ય શિક્ષણ વિભાગ કરી શનિવાર થી રાજ્ય ની તમામ પ્રાથમિક શાળાઓમાં એકમ કસોટી લેવામાં આવી હતી જેમાં ગુજરાત શિક્ષણ વિભાગના પદાધિકારીઓએ બુદ્ધિ ખાડે ગઈ હોય તેમ કે પછી કોઈ ગતાગમ પડતી ના હોય જેવો ઘાટ સર્જાયો હતો ધોરણ-૩ ના પ્રશ્નપત્રમાં ગુજરાતી વિષયમાં ચિત્રોના આધારે જવાબ લખોમાં દર્શાવેલ ચિત્ર થી વિભિન્ન પ્રશ્નો પુછાતા બાળકો અને શિક્ષકોમાં શિક્ષણ વિભાગના જ્ઞાન અંગે અનેક પ્રશ્નો પેદા થયા હતા બાળકોમાં પ્રશ્નપત્ર લઈને ભારે મૂંઝવણ અનુભવી હતી.

રાજ્ય શિક્ષણ વિભાગે પ્રાથમિક શાળાઓમાં શિક્ષણના સ્તર સુધારતા પહેલા તેમનું સ્તર સુધારવું જોઈએ અને ખરેખર શિક્ષણનું સ્તર ખાડે ગયું નથી પરંતુ ગુજરાતના શિક્ષણ વિભાગના પદાધિકારીઓની બુદ્ધિ ખાડે ગઈ હોવાના મેસેજ સોશ્યલ મીડિયા માં વાઈરલ થતા શિક્ષણ વિભાગ હાંસી પાત્ર બન્યું છે શનિવારે યોજાયેલ એકમ કસોટી માં ધોરણ-૩ ના ગુજરાતી વિષયના પ્રશ્નપત્રમાં પ્રશ્ન ક્રમાંક-૧ માં પુછાયેલ પાઠ્યપુસ્તક પાન નં-૩૮ ના આધારે નીચેના ચિત્રોનો સાચો ક્રમ ખાલી જગ્યામાં દર્શાવો માં ગંભીર બેદરકારી છતી થઈ હતી જેમાં ૧) પારઘીએ જાળ પાથરી જયારે ચિત્રમાં પારઘીએ જાળ ક્યાંય પાથરી જ નથી તેમજ ૫) માં કબૂતર ચણ ચણવા જાળ તરફ ગયું જેમાં શિકારીએ જાળ પાથરી જ નથી તો ચણવા ક્યાંથી જશે જેવા પ્રશ્નો થી વિદ્યાર્થીઓ મૂંજાયા હતા શિક્ષણગણ પણ વિચારમાં પડી ગયા હતા અને એકમ કસોટીના પ્રશ્નપત્ર માં રહેલી ભૂલો અંગે સોશ્યલ મીડિયામાં ભારે ટીખળ કરતી પોસ્ટ વાઈરલ થઈ હતી અરવલ્લી જીલ્લાના શિક્ષકોમાં ભારે રોષ સાથે શિક્ષણવિભાગના અધિકારીઓ તરફથી ઓફિસમાં બેઠા બેઠા શિક્ષણનું સ્તર સુધારવાના નિતનવા પરિપત્રોના બદલે પહેલા રાજ્ય શિક્ષણ વિભાગમાં સુધારાની જરૂર હોવાની ચર્ચા ટોક ધી જીલ્લો બની હતી.

આ અંગે પ્રાથમિક શિક્ષણાધિકારી અને નાયબ શિક્ષણાધિકારી સાથે ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા બંને જવાબદાર અધિકારીએ અગમ્ય કારણોસર ફોન ઉઠાવવાનું મુનાસીબ માન્યું નં હતું.



ધોરણઃ 3 એકમ કસોટી -1 વિષયઃગુજરાતી

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓઃ 3.3.6,5.3.1, 2.3.2, 1.3.1, 1.3.5 તારીખઃ

સમય-૧ કલાક કુલ ગુણઃ ૨૫

નોંધઃ આ કસોટીમાં જ્યાં પાઠ્યપુસ્તકનાં ચિત્રોને આધારે જવાબો લખવાના છે, ત્યાં પાઠ્યપુસ્તકમાં જોઈને લખવાનું છે.

પ્રશ્ન-૧ પાઠ્યપુસ્તક પાન નં. ૩૮ ના આધારે નીચેના ચિત્રોનો સાચો ક્રમ ખાલી જગ્યામાં દર્શાવો. (૫)

૧. પારધીએ જાળ પાથરી. ..........

૨. કીડી પાણીમાં તણાતી હતી. ..........

3. ચિત્રમાં કબૂતર નથી. ..........

૪. કબૂતરે પાણીમાં પાંદડું ફેંક્યું. ..........

૫. કબૂતર ચણ ચણવા જાળ તરફ ગયું. ..........

૬. એક કબૂતર ઝાડ પર બેઠું હતું ..........

પ્રશ્ન-૨ પાઠ્યપુસ્તકના પાના નંબર ૩૮ ઉપરના ચિત્રના આધારે આપેલો ફકરો ધ્યાનપૂર્વક વાંચો. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ ગોઠવી અધૂરી વાર્તા પૂર્ણ કરો. (૫)

એક .......... હતું, તે એક ઝાડ પર રહેતું હતું. એ જ ઝાડ નીચે દરમાં એક .......... રહેતી .......... . બંને મિત્રો હતા. એક વખત કીડી નદીમાં પડી ગઈ. કબૂતરે ઝાડ પરથી.......... ફેંકીને તેને બચાવી. એક દિવસ એક પારધીએ કબૂતરને પકડવા..........બીછાવી. તેની મિત્ર કીડીએ પારધીના પગ પર .......... ભર્યો. આથી કબૂતર બચી ગયું.

પ્રશ્ન-૩ પાઠ્યપુસ્તકના પાના નંબર ૩૧ ઉપરના ચિત્રના આધારે પાંચ (5) અર્થપૂર્ણ વાક્યો લખો. (૫)

પ્રશ્ન-૪ નીચેનો અર્થ ધરાવતી કાવ્ય પંક્તિ લખો. (૫)

૧. હું ભિક્ષા માટે આવ્યો છું, તો થોડો લોટ આપો.

૨. બા વિનંતી કરતી બોલી કે ઘરમાં કોઈ નથી તો મને ચીપિયો ખખડાવીને ડરાવશો નહીં.

પ્રશ્ન-૫ કાવ્યગાન શિક્ષકે વિદ્યાર્થીઓને વ્યક્તિગત કરાવવાનું રહેશે. (૫)


હું છું ખાખી બાવો કાવ્યની કોઈપણ ચાર પંક્તિ ગાઓ.

(લેખિત કસોટીનો સમય પૂર્ણ થયા બાદ આ પ્રશ્ન અંતર્ગત મૂલ્યાંકન કરવું, એક પછી એક વિદ્યાર્થીઓને બોલાવીને કાવ્યગાન કરાવવું અને તે મુજબ ગુણ આપવા)

# ઓલિમ્પિક-૨૦૨૦ માટે રેસિંગ વોકિંગમાં ગોલ્ડ મેડલ માટે તૈયારી કરતા અરવલ્લીના નિવૃત આર્મી મેન

મોડાસા, તા. ૨૨

દેશનું ઓલમ્પિક ગેમ્સમાં પ્રતિનિધિત્વ કરવું દરેક ખેલાડીનું સ્વપ્ર હોય છે ત્યારે વોકિંગ રેસમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર અને ૨૦ કિલોમીટર વોકિંગ સ્પર્ધામાં નેશનલ રેકોર્ડ ધારક અનેઓલમ્પિક-૨૦૨૦માં વીસ કિલોમીટર રેસમાં સ્થાન મેળવવા અને ગોલ્ડ મેડલ મેળવવા અરવલ્લી જીલ્લાના નિવૃત્ત આર્મીમેન બાબુભાઈ પણુચા અથાગ મહેનત કરી રહ્યા છે, પરંતુ યોગ્ય મેદાન અને તંત્રની મદદ ન મળતા ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. હાલ વીસ કિલોમીટર રેસ માટે રસ્તા પર દોડી પ્રેક્ટિસ કરવા મજબુર બન્યા છે.



રાજ્ય સરકાર દ્વારા ખેલાડીઓની પ્રતિભા બહાર લાવવા ખેલ મહાકુંભ યોજી રહી છે. જેને સારો પ્રતિભાવ મળવાની સાથે અનેક રમતવીરોની પ્રતિભા બહાર લાવવામાં સફળતા પણ મળી રહી છે. બીજીબાજુ હજુ કેટલાય રમતવીરો યોગ્ય માળખાકીય સુવિધા અને નાણાકીય સહાયના અભાવે પ્રતિભા હોવા છતાં ઝઝુમતા નજરે પડે છે. વોકિંગ રેસ રમત અંગે મોટા ભાગના દેશના પ્રજાજનો અજાણ હતા ત્યારે વર્ષ-૨૦૦૦માં અરવલ્લી જીલ્લાના અને આર્મીમાં ફરજ બજાવતા બાબુભાઈ પણુચાએ રેસિંગ વોકની રમત પ્રત્યે આકર્ષાયા હતા અને વોકિંગ રેસમાં દેશનું પ્રતિનિધિત્વ કરવા અને ઓલમ્પિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાના સંકલ્પ સાથે અથાગ મહેનત બાદ હૈદરાબાદ ખાતે યોજાયેલ ૨૦૦૭ નેશનલ લેવલની વોકિંગ રેસ (૫૦ કિલોમીટર) સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યા બાદ કુદરતે થપાટ મારતા જોન્ડિસ (હિપેટાઈટિસ)ની બીમારીમાં પટકાતા આરામ કરવાની ફરજ પડતા બીમારી સામે બાથ ભીડી તનતોડ પ્રેક્ટિસ બાદ વિસ કિલોમીટર રેસમાં કલકત્તા ખાતે નેશલન સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવી ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું હતું અને ભોપાલ ખાતે યોજાયેલ સિનિયર એથ્લેટિક ચેમ્પિયન શીપમાં ૨૦ કિલોમીટર રેસમાં નેશનલ રેકોર્ડ બનાવ્યો હતો. જમશેદપુરમાં ઓલમ્પિક ક્વોલિફાય રાઉન્ડમાં ક્વોલિફાય થયા બાદ લંડન ખાતે ૩ મહિના તાલીમ લીધા પછી પ્રથમ રોઉન્ડમાં સિલેક્ટ થયા બાદ, સેકેન્ડ રાઉન્ડમાં ડિસ્ક્વોલિફાય થયા બાદ રેસિંગ વોક માટે સતત મહેનત કરી રહ્યા છે અને ઓલમ્પિક-૨૦૨૦માં દેશનું પ્રતિનિધિત્વ કરવા આર્મીમાં ૨૩ વર્ષની સેવા આપ્યા બાદ નિવૃત્ત થયા પછી પણ દેશ માટે કંઈ કરી બતાવવાની ભાવના સાથે તનતોડ મહેનત કરી રહ્યા છે ત્યારે રાજ્ય સરકારે અંતરિયાળ વિસ્તારના ખેલાડીઓને યોગ્ય માર્ગદર્શન અને માળખાકીય સુવિધા મળી રહે તેવું ખેલાડીઓ ઈચ્છી રહ્યા છે.

# પ્રાંતિજના પલ્લાચર ખાતે ડાયાબીટીસ કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજના પલ્લાચાર ગામે આવેલ પ્રાથમિક શાળામાં પ્રાંતિજ બીએસસી ચિત્રિણી નર્સીંગ કોલેજના સહિયોગથી ડાયાબીટીસ કેમ્પ યોજાયો હતો. જેમાં પલ્લાચર ગામનાં ૨૦૦ દર્દીઓએ




લાભ લીધો હતો. પ્રાંતિજ ખાતે આવેલ જ્ઞાન યોગ એજયુકેશન વેલફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત ચિત્રિણી નર્સીંગ કોલેજ એન્ડ સ્કુલના બીએસસી નર્સીંગ કોલેજમાં ચોથા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા પલ્લાચર ખાતે ડાયાબીટીસ કેચઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામમાં રહેતાં ૨૦૦ જેટલા લોકોએ કેમ્પમાં લાભ લીધો હતો. આ પ્રસંગે ચિત્રિણી નર્સીંગ કોલેજના સંચાલક એ.કે. પટેલ, કોલેજના પ્રિન્સીપાલ નરેન્દ્રભાઈ, કિંજલબેન શાહ, પલ્લાચર પ્રાથમિક શાળાના આચાર્ય નિખિલભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સરકારી વિનયન કોલેજ, અમીરગઢમાં સરદાર પટેલની પ્રતિમાની અનાવરણ વિધિ યોજાઈ

અત્રેની સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનો અનાવરણવિધિ કાર્યક્રમ મગનભાઈ માળી, અધ્યક્ષ ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના વરદહસ્તે યોજાઈ ગયો. જેમાં અમીરગઢ તાલુકા પંચાયતના પ્રમુખ, ગામના પ્રતિષ્ઠિત અગ્રણી આગેવાનો, વાલીઓ તથા પત્રકારો મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાર્થના બાદ વિદ્યાર્થીઓએ સરદાર પટેલના જીવન અને કાર્યો વિશે વક્તવ્ય તથા ગીત રજૂ કર્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અધ્યક્ષે સરદાર પટેલના જીવન પ્રસંગો અને કાર્યો વિશે પ્રેરમાત્મક વક્તવ્ય આપ્યુ હતુ. આચાર્ય એન.બી. રાવલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન સ્ટાફ પરિવારે કર્યુ હતુ.



તસવીર : મેહુલ જોષી

# મોડાસાના દેવરાજ મંદિર નજીક હાઈવે પર જીવંત વીજ પોલ ધરાશાયી થતા અફડાતફડી

શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ મોડાસા બાયપાસ રોડ પર આવેલા દેવરાજ ધામ નજીક અગમ્ય કારણોસર વીજપોલ ધરાશાયી થતા જીવંત વીજ તાર રોડ પર પડતા ભારે અફડાતફડી મચી હતી. સ્થાનિકો વીજપોલ ધરાશયી થતા દોડી આવી સતત વાહનોથી ધમધમતા માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોનું ધ્યાન દોરાતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. વાહનવ્યવહાર ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. સમગ્ર ઘટના અંગે મોડાસા વીજતંત્રને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવી વીજપ્રવાહ અટકાવી રોડ પર પડેલો જીવંત વીજતાર દૂર કરાતા ટ્રાફિક પૂર્વરત કરાયો હતો. સદનસીબે જાનહાની ટળતાં લોકોએ અને વીજતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# મોડાસામાં ડાયાબિટીસના દર્દીઓ માટે આંખના પડદા તપાસવાનો મફત કેમ્પ યોજાશે

મોડાસા, તા. ૨૨

મોડાસા ડૉ.રસિકભાઈ શાહ સાર્વજનિક હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય દ્રષ્ટિ વિહીનતા નિવારણ સમિતિ પંચમહાલ ગોધરા, મોડાસા નાગરિક બેન્ક લી. તેમજ સ્વ.ઉષાબેન રાજેન્દ્ર શેઠ પરિવારના સૌજન્યના ઉપક્રમે ડાયાબિટીસના દર્દીઓ માટે તેમજ આંખના પડદા ચેકઅપ કરવા માટેનો નિઃશુલ્ક કેમ્પ ૨૩/૧૨ને રવિવારના દિવસે સવારે ૧૦ વાગ્યાના સમયે ડૉ.રસિકભાઈ શાહ સાર્વજનિક હોસ્પિટલ ખાતે યોજાનાર છે. આ કેમ્પમાં ડાયાબિટીસના કારણે આવતા અંધાપા નિવારણ પર માર્ગદર્શન આપવામાં આવશે તેથી દર્દીઓને ચાર કલાક પોતાના સગા સાથે વહેલા આવવાનું રહેશે. આ નિઃશુલ્ક કેમ્પમાં અમદાવાદના પ્રખ્યાત આંખના પડદાના સર્જન ડૉ. પી.એન. નાગપાલના આસિસ્ટનો, ડૉ. શચી, ડૉ. અક્ષર સોની તથા ગાંધીનગરના પ્રખ્યાત ડૉ. ચેતન્ય શુકલા સહિત રાષ્ટ્રીય દ્રષ્ટિ વિહીનતા નિવારણના પ્રમુખ ડૉ. રમેશ મહેતા, ઉ.પ્રમુખ કિશોરીમલ ભાયાણી, મંત્રી નિલેન્દ્ર શાહ, રાજેન્દ્ર શેઠ, પિયુષ ગાંધી સેવામાં જોડાશે તો જરૂરિયાતમંદ દર્દીઓ જરૂરથી નિઃશુલ્ક સેવા કેમ્પનો લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

# બેરોજગાર પશુપાલકો માટે દુરડા યોજનાનો પ્રારંભ

મહેસાણા, તા. ૨૨

મહેસાણા ખાતે આવેલ પ્રસિદ્ધ દૂધસાગર ડેરી દ્વારા ડેરી સાથે સંકળાયેલા બેરોજગાર પશુપાલકોને રોજગારી પ્રાપ્ત થાય તે માટેની મહત્વપૂર્ણ દુરડા સહાયક યોજના અમલમાં મુકી છે. પ્રથમ તબક્કામાં ૭ હજાર સહાયકોને નિમણુંક આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ યોજના થકી પશુપાલકો અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકો સુધી ડેરીની દૂધ ઉત્પાદનો અને ખેડૂતોના ઉપયોગની ચીજવસ્તુઓને સરળતાથી વેચાણ કરી શકાશે.

દૂધસાગર ડેરીમાં ગુરૂવારે યોજાયેલા સંમેલનમાં ડેરી સાથે સંકળાયેલા હજારો દૂધ ઉત્પાગકો અને ખેડૂતો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે ડેરીના ચેરમેન આશાબેન ઠાકોર, વાઈસ ચેરમેન મોંઘજીભાઈ પટેલ, એમડી નિશીથ બક્ષી, ડેપ્યુટી જનરલ મેનેજર જયંતીભાઈ પટેલે લોન્ચ કરવામાં આવેલી દુરડા યોજના અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રોજેક્ટના ઈન્ચાર્જ જયંતીભાઈ પટેલે કહ્યું હતું કે વિપુલભાઈ ચૌધરીના દૂરંદેશી નિર્ણયરૂપે વિપરીત સમયમાં સહકારી વ્યવસાય સાથે પશુપાલક શિક્ષિત બેરોજગારી આપવાનું મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. ડેરીના ઉપાધ્યક્ષ મોંઘજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, દૂધસાગર ડેરીના સ્થાપક સ્વ. માનસિંહભાઈની જન્મ શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે ડેરી સાથે જોડાયેલા પશુપાલકોને દુરડા જેવી યોજનાની ભેટ મળી છે.

વધુમાં તેમણે આગામી દિવસોમાં દૂધના ભાવ વધવાના સંકેતો આપતા ઉમેર્યુ હતુ કે, આપણી ડેરી રાજયના ૧૭ દૂધ સંઘોમાં દૂધ અને દૂધની બનાવટોની ગુણવત્તામાં મોખરે રહી છે. ડેરીના સચ્ચેદિન શરૂ થયા છે. જેમાં વિપુલભાઈ ચૌધરીની દૂધઉત્પાદકો માટે કંઈક કરી છૂટવાની ભાવના ઉજાગર થાય છે. નોંધપાત્ર છે કે મહારાષ્ટ્રમાં અછતની પરિસ્થિતિ વખતે ડેરી દ્વારા પશુદાણની સહાય પહોંચાડવામાં આવી હતી જેનો વિવાદ સર્જાયો હતો. આ સંદર્ભે વિપુલ ચૌધરીના નિર્ણયને સમર્થન આપવા પશુપાલકોની સહી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને ૧૦ લાખથી વધુની સહિઓ સાથે આ મુદ્દે વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરવાનુ નક્કી કરવામાં આવ્યું છે. દૂધસાગર ડેરી દ્વારા અમલમાં મુકાયેલ દુરડા યોજના અન્વયે પસંદગી પામેલા સહાયકો માસીક રૂ. ૧૦ થી રૂ. ૨૫ હજાર સુધીની કમાણી કરી શકે તેમ છે.

